# આગામી શ્રાવણ માસને અનુલક્ષી ફ્લેટમા જુગાર રમતા ઈસમોને પકડી પાડી રૂ.2,61,060/-ના મુદામાલ કબ્જે કરી ક્વોલીટી કેશ કરતી પાલડી પોલીસ

# પ્રેસનોટ

મે.સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર- ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન- ૭ તથા મ.પો. કમી. શ્રી “એન” ડિવીઝન નાઓએ આગામી આવનાર શ્રાવણ માસને અનુલક્ષીને શ્રાવણીયા જુગાર માસની પ્રવુતી ડામવા શારૂ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહી, જુગારની કામગીરી શોધવા આપેલ સુચના અન્વયે આજરોજ અમો તથા પી.એસ.આઈ એમ.એમ.સિન્ધી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળતા બાતમીવાળી જગ્યા મ.નં ૫૦૧, આશીર્વાદ ફ્લેટ બ્રહ્મક્ષત્રીય સોસાયટી વિભાગ- ૧ પી.ટી.કોલેજ રોડ પાલડી અમદાવાદ શહેર વાળા રહેણાંક મકાનમા **વિજય નયનભાઈ ઠાકર** ઉ.વ- ૩૨ હાલ રહે. ૬૮, શ્યામ વિલા સોસાયટી, બોપલ અમદવાદ શહેર નાઓ + ૫=૬ ઈસમો ગોળ કુંડાળુ વળી તીન પત્તીનો હાર-જીતનો જુગાર પોતાના આર્થીક લાભ શારૂ રમી રમાડતો હોય જેથી સદરી જગ્યા ઉપરથી ગંજી પાના નંગ-૫૨ કિ.રૂ 00=00 તથા લીલા કલરના કોઈન નંગ-૧૮૧ તથા લાલ કલરનો કોઈન નંગ-૧ કિ.રૂ.00=00 તથા દાવ **ઉપરના નાંણા રૂપીયા ૪૫00/-** તથા **અંગઝડતી માંથી મળેલ રૂપીયા ૨૬,૫૬0/-** તથા **અંગ ઝડતીમાં મળેલ મોબાઈલ ફોનોની કિં.રૂ. ૯૩,000/-** તથા **વાહનોની કિં.રૂ. ૧,૩૭,000/-** મળી **કુલ્લે કિં.રૂ. ૨,૬૧,0૬0/-** નો **મુદામાલ** મળી આવતા જે અંગે પાલડી પો.સ્ટે સે.ગુ.ર.નં-૩0૬૧/૨0૧૯ જુગારા ધારા કલમ ૪,૫ મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તા.૨૭/0૭/૨0૧૯

પોલીસ ઈન્સપેકટર
પાલડી પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

Scanned by CamScanner

# ગેર કાયદેસર કતલ કરવાના ઈરાદે પશુઓની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડી અબોલ પશુઓના જીવ બચાવતી પાલડી પોલીસ

## પ્રેસનોટ

મે.સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર- ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન- ૭ તથા મ.પો. કમી. શ્રી "એન" ડિવીઝન નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ બાતમી હકિકત આધારે ચંન્દ્રનગર ચાર રસ્તા પાસે જાહેર રોડ પર ટ્રક નંબર- જીજે-૧૨-ઝેડ-૧૦૯૩ મા નાના મોટા પાડા ખીચો ખીચ ભરી વગર પાસ પરમીટે ઘાસ ચારા તથા પાણીની ઉપલબ્ધી વગર ક્રુર રીતે દોરડા વડે બાંધી ગેર કાયદેસર કતલ કરવાના ઈરાદે હેર ફેર કરતા આરોપી ગુલામશેખ અહમદશા શેખ રહે,ગામ-કનૈયા તા.ભુજ જી.કચ્છ તથા ટ્રક ડ્રાઈવર મેહુલપુરી ગોવીદપુરી ગોસાઈ રહે,ગામ-છછરા તા.અબડાસા જી.કચ્છ નાઓ મળી આવેલ અને જે પશુ અબ્દુલ એચ. અંજાર નાઓએ ભરી આપેલ તેમજ અમદાવાદ ખાતે રહેતો અલીઅકબર નાઓને કતલ શારૂ સોપવાના હોવાની હકિકત જણાવતા પાડા નંગ-૨૧ કિ.રૂ. ૪૨,૦૦૦/- તથા પાડી નંગ-૭ કિ.રૂ-૧૪,૦૦૦/ તથા ટ્રક ની કિ.રૂ.૪,૦૦,૦૦૦/- મળી ૪,૫૬,૦૦૦/ નો મુદામાલ કબ્જે કરી જે અંગે પાલડી પો.સ્ટે સે.ગુ.ર.નં- ૩૦૬૩/૨૦૧૯ પશુ પ્રત્યે ઘાતકીય પણુ અટકાવવાના અધીનીયમ ૧૯૬૦ ના કાયદાની કલમ-૧૧(ઘ)(ચ)(છ)(ઝ) તથા પશુ સંરક્ષણ અધીનીયમ ૧૯૫૪ ની કલમ-૫(ખ)(ગ), ૮,૧૦ તથા કેન્દ્રીય મોટરવાહન અધીનીયમ ૧૯૧૯ ની કલમ-૧૨૫(ઈ) તથા એમ.વી.એકટ કલમ-૩-૧૮૧,૧૧૯,૧૭૭,૧૮૪,૧૯૨ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ અબોલ પશુઓને આશા ફાઉન્ડેશન મારફતે પાંજરા પોળમા મોકલવાની વ્યવસ્થા કરેલ અને નહી પકડાયેલ વોન્ટેડ આરોપીઓ- અબ્દુલ એચ. અંજાર તથા અલીઅકબર ની ઘરપકડ કરવા ચક્રોગતીમાન કરેલ છે. તા.૨૭/૦૭/૨૦૧૯

પોલીસ ઈન્સપેક્ટર
પાલડી પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

Scanned by CamScanner